ગાંધીનગરસમાચાર
તા. ૨૦-૧૧-૨૦૧૩, બુધવાર

તંત્રી સ્થાનેથી.....

વિજ્ઞાન મહર્ષિનો બળાપો વાજબી

સી એન આર રાવ જેવા વરિષ્ઠ વૈજ્ઞાનિકનું નામ આપણો નવયુવાન કે કોમન મેન ક્યારે જાણતો થયો? એંશી વર્ષે એમને મંગળયાન જેવી અત્યંત મહત્ત્વપૂર્ણ અને ઐતિહાસિક સિદ્ધિ બદલ 'ભારત રત્ન' જેવા સર્વોચ્ચ રાષ્ટ્રીય સન્માનની જાહેરાત કરાઈ ત્યારે કદાચ પહેલીવાર એમની છબી મોટાભાગના ભારતીય નાગરિકોએ વર્તમાનપત્રો અને ટીવીના પડદે જોઈ હશે. 'ભારત રત્ન'ની યોગ્યતાની દૃષ્ટિએ સચીન તેંડુલકર કરતાં ઘણા ચડિયાતા હોવા છતાં પ્રજાએ સચીન માટે જે ઉમળકો બલકે ઘેલછા દર્શાવી એનો અંશ પણ આ વિજ્ઞાન મહર્ષિને એનાયત થયેલ સન્માનના મુદ્દે ક્યાંય જોવા ન મળતો હોય તો એની જવાબદારી કોની ગણાય? પ્રો. રાવ જેવા અનેક વૈજ્ઞાનિકોએ આખી જિંદગી સંશોધન પાછળ ખર્ચી નાખી છે. આપણે એમને ઓળખવાની કે પ્રતિષ્ઠા આપવાની જરા સરખીય ઉતાવળ કરતા નથી. એમના નામે જાહેર કરાયેલ એવોર્ડ પાછળ પણ થોડી રાજરમત હશે એવું લાગ્યા વિના રહેતું નથી. દેશનો પ્રબુદ્ધ જનસમુદાય અથવા મીડિયા કદાચ એકલા સચીનને 'ભારત રત્ન' જાહેર કરવાથી પ્રતિક્રિયા આપી શક્યાં હોત. બધા નિયમો નેવે મૂકી તત્કાળ 'ભારત રત્ન' આપી દેવા પાછળ સરકારનો કોઈ રાજકીય હેતુ છુપાયેલ હોવાની ચર્ચા જોર પકડત. મંગળયાન વાળી ઘટના તાજી જ હતી, એટલે સી એન આર રાવ નજરે ચડી ગયા અને સાથો સાથ એ પણ 'ભારત રત્ન' બની ગયા. પરંતુ આ ભારત રત્ન વૈજ્ઞાનિક તો એમની સાધના કુટીરમાં રહી સૃષ્ટિ અને બ્રહ્માંડનાં રહસ્યોનું પગેરું લેનારા જણ. એમને આવા માન અકરામ ટાણે સચીનની જેમ વિવેક સભર ભાષા વાપરી ધન્યવાદ સભા 'થેંક્યુ પાર્ટી' યોજવાનું કોણ સુઝાડે? એમણે તો હૈયે હતું એ હોઠે આણી દીધું. સરકાર શિક્ષણ અને વિજ્ઞાન પાછળ અપેક્ષા કરતાં ઘણું ઓછું રોકાણ કરે છે, તે મુદ્દે એમનો પુણ્ય પ્રકોપ છાનો ન જ રહી શક્યો. એમણે રાજનેતાઓને 'ઈડિયટ' સુધ્ધાં કહી દીધા. આ મૂરખ લોકોને ખબર નથી પડતી કે વિજ્ઞાન પાછળ રોકાણ કરનારા દેશો જ ઝડપી વિકાસ સાધી શક્યા છે- એ મતલબનું વિધાન કરી બેઠા જેથી થોડું પ્રથમ ગ્રાસે મક્ષિકા જેવું થઈ ગયું. જે રાજનેતાઓએ એમને રાષ્ટ્રના સર્વોચ્ચ સન્માનની નવાજેશ કરી હતી એમને જ ગાળ ભાંડી બેઠા. પછી એમણે સ્પષ્ટતા પણ કરી. શિક્ષણ અને વિજ્ઞાન પાછળ પૂરતું રોકાણ ન કરવું એ મૂર્ખામી છે, એવું ભળતું વિધાન કરીને પણ આખરે એમણે રાજકારણીઓ કે જેમના હાથમાં આ રોકાણ કરવાની સત્તા છે એમને ઠપકાર્યા તો ખરા જ. આપણી નવી પેઢી 'રોલ મોડલ'ની ભારે અછત અનુભવી રહી છે. ગઈ પેઢી પાસે જે કદના લોકસેવકો અને ધર્મપુરુષો હતા તે આજની પેઢી પાસે નથી. તેથી આપણો લવરમૂછિયો છોકરડો કોઈ અભિનેતા કે રમતવીરમાં એનો રોલમોડલ શોધવા મથે છે. આ એક પ્રકારનો વિનિપાત છે. આપણે હવે કવિને નથી ઓળખતા, કેવળ એના ગાયકને જ બિરદાવીએ છીએ. 'ઓ મેરે વતન કે લોગો..' જેવું પ્રેરક દેશભક્તિનું ગીત લખનાર કવિ પ્રદિપે મુફલિસીમાં જિંદગી વિતાવી દીધી. એ ગીતનાં ગાયિકા જાણે રાષ્ટ્રનાયિકા હોય એ હદે લોકપ્રિય બની ગયાં! એમને 'ભારત રત્ન' પણ મળી ગયો! શું આ સ્થિતિમાંથી લગાર બહાર નીકળી આપણા સાચા નાયકોને શોધવાની જરૂર નથી લાગતી? જે દેશે કવિવર રવીન્દ્રનાથ ટાગોર અને પ્રેમચંદ જેવી સર્જક પ્રતિભાઓ પકવી હોય એની નવી પેઢી પાસે શું એટલી અપેક્ષા રાખવાનો આપણને અધિકાર નથી? આપણે થોડું અંદર તરફ વળીને જોઈશું તો સમજાશે કે વૈજ્ઞાનિક પ્રો. સી એન આર રાવ જ્યારે રાજકારણીઓને 'ઈડિયટ' કહે છે ત્યારે એમને પણ ઊંડે ઊંડે અજાણતાં જ આવી પીડા અનુભવાઈ હશે. એ સિવાય કોઈ ઋષિની જીભે આવો શબ્દ નીકળે ખરો કે?

ગાંધીનગર શહેરમાં વધુ એક ઈન્ટરનેશનલ સ્કુલ આરંભાશે

ફુડાસણમાં પોદ્દાર ગ્રુપ ઓફ સ્કુલ્સની નવી શાખાનો એપ્રિલ ૨૦૧૪થી પ્રારંભ

ગાંધીનગર, તા.૧૯

સમગ્ર ભારતમાં વિવિધ શાખાઓ ધરાવતી પોદ્દાર ગ્રુપ ઓફ સ્કુલની વધુ એક શાખાનો પ્રારંભ ગાંધીનગરના ફુડાસણમાં થઈ રહ્યો છે. હાલમાં નર્સરીથી ધોરણ-૫ સીબીએસઈ બોર્ડ સુધીના પ્રવેશ ચાલુ છે.

૧૯૨૭માં મુબઈ સ્થિત જાણીતાં ઉદ્યોગપતિ શેઠ આનંદીલાલ પોદ્દારો પોદ્દાર ગ્રુપ ઓફ સ્કુલ્સની સ્થાપના કરી હતી. રસપ્રદ બાબત એ છે કે આપણાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી આનંદીલાલ પોદ્દાર ટ્રસ્ટના પ્રથમ અધ્યક્ષ હતાં. એક સંસ્થા સાથે શરૂ કરાયેલો પ્રયાસ હાલ અનેક શહેરોમાં અનેક સ્કુલ્સ અને મલ્ટિબ્રાન્ડ સંસ્થા બની ચૂકી છે, જે વૈશ્વિક માપદંડ પર ભાર મૂકે છે. પોદ્દાર સ્કૂલ ભારતમાં આવેલી ૫૫ શાળાઓના માધ્યમથી વાર્ષિક ૭૦૦૦૦ વિદ્યાર્થીઓને શિક્ષણ આપે છે.

પોદ્દારને મળેલી સફળતા તેણે ભરતી કરેલી ઉત્કૃષ્ટ શૈક્ષણિક ટીમ ઉપરાંત ટેકનોલોજી પર ભાર આપવાની નીતિને આભારી છે. દરેક શિક્ષકને વિશેષ અને વ્યાપક તાલીમ અપાય છે. અને તેઓ વિદ્યાર્થીઓને ઉત્કૃષ્ટ રીતે શિક્ષણ આપે તેવી ચોકસાઈ રખાય છે. પોદ્દારના પ્રિન્સિપાલ અને શિક્ષકોમાં ઉચ્ચકક્ષાની પ્રતિબદ્ધતા જોવા મળે છે અને તેના અનેક શિક્ષકોનું રાજય અને કેન્દ્ર સરકાર દ્વારા અવારવાર સન્માન કરાય છે. પોદ્દારની શાળાઓમાં ટેકનોલોજીના ઉપયોગ પર વિશેષ ભાર મુકાય છે. જેમાં આધુનિક કમ્પ્યૂટર લેબ, ઈન્ટરએકિટવ વ્હાઈટબોર્ડસ વગેરેનો સમાવેશ કરાયો છે. ટેકનોલોજીના અસરકારક ઉપયોગને કારણે પોદ્દાર ગ્રૂપ ઓફ સ્કૂલ્સને સમગ્ર ભારતમાં 'Best ICT enabled school' નો એવોર્ડ એનાયત કરાયો હતો.

ગાંધીનગરમાં પોદ્દાર ઈન્ટરનેશનલ સ્કૂલનો પ્રારંભ એપ્રિલ ૨૦૧૪થી થશે અને તેમાં નર્સરીથી ધોરણ-૫ સીબીએસઈ બોર્ડ સુધીના પ્રવેશ ચાલુ છે.

વધુ માહિતી માટે કુ. પલક દાણીનો ૭૫૬૭૫૦૦૦૪૪ ઉપર સંપર્ક કરી શકાય છે.

પોદ્દાર ઈન્ટરનેશનલ સ્કૂલ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસમાં વિશ્વાસ ધરાવે છે. રમત અને ઈતર પ્રવૃત્તિઓ પર વ્યાપક ભાર મુકાય છે. રમતગમત માટે વિશેષ અને અનુભવી કોચની નિમણુંક કરાય છે. શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક ક્ષેત્રે કરાયેલા આ પ્રયાસોના પરિણામે પોદ્દાર દરેક સ્થળે સર્વશ્રેષ્ઠ શાળા ગણાય છે. પોદ્દાર સ્કૂલનું સીબીએસઈ બોર્ડનું પરિણામ પણ દર વખતે સાતત્યપૂર્ણ અને સૌથી શ્રેષ્ઠ હોય છે અને રાજય તથા રાષ્ટ્રીય સ્તરે પોદ્દારના વિદ્યાર્થીઓ ટોપર્સમાં સ્થાન પામે છે.

શાળા કોઈપણ સ્થળે આવેલી હોય પરંતુ શિક્ષણની ગુણવત્તા સમાન રહે તેની પોદ્દાર દ્વારા વિશેષ ચોકસાઈ રખાય છે. પોદ્દાર કરિકલમ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ સેન્ટર ધરાવે છે. જે પોદ્દાર ઈન્ટરનેશનલ સ્કૂલમાં ભણાવતા અભ્યાસક્રમ સૌથી ઊંચી શ્રેણીના હોય તે બાબતનું ધ્યાન રાખે છે. આથી જ દેશની તમામ પોદ્દાર ઈન્ટરનેશનલ સ્કૂલમાં સમાન અભ્યાસક્રમને અનુસરવામાં આવે અને દરેક શિક્ષકને સમાન તાલીમ અને સહયોગ અપાય છે.

૮૭વર્ષ અગાઉ તેના પ્રારંભથી જ તેમાં ડોનેશન કે ડીપોઝિટ સ્વીકારાતી નથી. ગુણવત્તાયુકત શિક્ષણની ખાતરી પર જ ભાર મુકવામાં આવે છે.

હરિની દૃષ્ટિ...

'વિશ્વ શૌચાલય દિવસ' ઊજવતુ ભારત...!!

રાજ્ય સરકાર ભારત સરકારના ધોરણે વિધવા, નિરાધાર મહિલાઓને પેન્શન ચૂકવે : શહેર જાગૃત પરિષદ

ગાંધીનગર, તા. ૧૯

નિરાધાર અપરિણીત, ત્યક્તા, વિધવા પુત્રીને ભારત સરકારના ધોરણે આજીવન કુટુંબ પેન્શનના હૂકમો કરાવી મહિલાઓનું કલ્યાણ કરવા ગાંધીનગર શહેર જાગૃત પરિષદે સરકાર સામે ઈચ્છા વ્યક્ત કરી છે.

ભારત સરકારે તા. ૬-૯-૨૦૦૭ના હૂકમો કરીને સરકારી પેન્શનરની અપરિણીત, ત્યક્તા, વિધવા પુત્રીને શરતોને આધિન આજીવન કુટુંબ પેન્શન મંજૂર કરેલ છે. તેમાં રાજસ્થાન સરકાર દ્વારા પણ તા. ૪-૯-૨૦૧૨ થી સૂચનો કર્યા છે. અને અન્ય રાજ્યોમાં પણ આવા હૂકમો કરવામાં આવ્યા છે.

ગુજરાત સરકાર દ્વારા પણ અપરિણીત, ત્યક્તા વિધવા પુત્રીને ભારત સરકારના ધોરણે આજીવન કુટુંબ પેન્શન આપવામાં આવે તેવી ઈચ્છા વ્યક્ત કરી છે અને રાજ્ય સરકાર દ્વારા લાભ આપવાના ઈન્કારમાં સ્થાયી સૂચનાઓના ભંગ અંગે એક પણ વાજબી કારણ જણાવાયું નથી ત્યારે જો રાજ્ય સરકાર દ્વારા ૨૫-૫૦ હજાર જેટલું નગણ્ય ખર્ચ કરવામાં આવશે તો પેન્શનરોના પરિવારોમાં સરકારની છબી સારી દેખાશે અને પરિવારોમાં આનંદની લાગણી ફેલાશે.

વિદ્યાર્થીઓને વિદેશ વેપારમાં કુશળ બનાવવા માટેના પ્રયાસો

અમદાવાદ, તા.૧૯

અમદાવાદની બિઝનેશ કલાસ માટે પ્રખ્યાત એવી એન્ટરોપ્રન્યોયર ડેવલોપમેન્ટ ઓફ ઈન્ડિયામાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૪ થી પોસ્ટ ગ્રેજ્યુએશન ડિપ્લોમા ઈન મેનેજમેન્ટ બિઝનેશ એન્ટરપ્રન્યોરશીપ નામના આ કોર્ષ એમબીએ સમકક્ષ ગણવામાં આવશે. જેને શરૂ કરવા માટે નેશનલ બોર્ડ ઓફ એક્રિડિટેશન દ્વારા પણ માન્યતા આપી દેવામાં આવી છે. આ કોર્ષમાં વિદ્યાર્થીઓને ભણાવવા માટે વિદેશથી પ્રોફેસરો બોલાવવામાં આવશે. આ અભ્યાસક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓમાં ધંધાકીય બળ તેમજ જ્ઞાનનો સંચય કરવા માટે પ્રયત્ન કરવામાં આવશે. બે વર્ષનાં આ ફુલટાઈમ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા વિદ્યાર્થીઓએ ૭.૨૦ લાખ રૂપિયા ચુકવવા પડશે. આ અભ્યાસક્રમમાં વિદ્યાર્થીઓને ધંધાકીય જ્ઞાન પુરૂં પાડવાનો મુખ્ય ઉદ્દેશ્ય છે. જેમાં બીજા દેશોમાં ચાલી રહેલા ધંધાના પાઠ ભણાવવા ભારત ઉપરાંત, સાઉથ આફ્રિકા, ચીન જેવા દેશોમાંથી પ્રોફેસરોને બોલાવવામાં આવશે. આ અંગે ઈડીઈનાં પ્રોફેસર રાજીવ જોષીએ જણાવ્યું હતું કે ભારતીય વિદ્યાર્થીઓ ઉચ્ચ અભ્યાસ કરવા છતાં આંતરરાષ્ટ્રીય સ્તરે વેપારમાં જોઈએ તેટલા સફળ થતા નથી. જેને ધ્યાનમાં રાખીને એન્ટરપ્રિન્યોયર ડેવલોપમેન્ટ ઓફ ઈન્ડિયા દ્વારા વર્ષ ૨૦૧૪ થી મેનેટમેન્ટ બિઝનેશ એન્ટરપ્રિન્યોરશીપનો અભ્યાસક્રમ શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેમાં વિદેશી પ્રોફેસરોની મદદથી વિદ્યાર્થીઓને આંતરરાષ્ટ્રીય સ્તરે જુદા જુદા દેશોમાં ચાલતા વેપારના મુલ્યો વિષે શિક્ષણ આપવામાં આવશે. ઉલ્લેખનીય છે કે ઈડીઆઈ દ્વારા શરૂ કરવામાં આવેલ આ કોર્ષને ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી દ્વારા ટેકનિકલ જ્ઞાન તેમજ સાધન સામગ્રી પુરી પાડવામાં આવશે. વર્ષ ૨૦૧૪ થી શરૂ થતા નવા શૈક્ષણિક સત્રથી આ અભ્યાસક્રમ શરૂ કરવામાં આવશે જેની પ્રથમ બેચ વર્ષ ૨૦૧૬માં માર્કેટમાં આવશે. આ સમયે વિદ્યાર્થીઓ માટે કેમ્પસ પ્લેસમેન્ટની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.

રવિવારે ગાંધીનગરમાં કાજલ ઓઝા વૈધનું પ્રવચન

જૈન સોશ્યલ ગ્રૂપના આ કાર્યક્રમમાં પ્રશ્નોત્તરીનું પણ આયોજન

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગરની જૈન સોશ્યલ ગ્રુપ સંસ્થા દ્વારા નૂતન વર્ષ નિમિત્તે સુવિખ્યાત લેખિકા કાજલ ઓઝા વૈદ્યના રસપ્રદ પ્રવચન અને પ્રશ્નોત્તરીના કાર્યક્રમનું આયોજન કરેલ છે. આ પ્રવચન અને પ્રશ્નોત્તરીનો વિષય 'નવો વિચાર-નવી આશા' રાખવામાં આવેલ છે.

ગાંધીનગરના સેકટર-૧૭માં આવેલા ટાઉનહોલ ખાતે તા. ૨૪મી નવેમ્બર રવિવારના રોજ સવારે ૯.૪૫ થી ૧૧.૩૦ કલાક દરમિયાન આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે કાજલ ઓઝા વૈદ્ય એ માત્ર લેખિકા જ નહી પરંતુ રંગભૂમિ, પત્રકારત્વ, ફિલ્મ-ટેલિવિઝન અને સાહિત્ય ક્ષેત્રે ઉમદા પ્રદાન ધરાવે છે. ૧૬૦૦ એપિસોડ ચાલનારી લોકપ્રિય ગુજરાતી ટીવી સીરીયલ 'એક ડાળના પંખી'ના લેખિકા એવા કાજલ ઓઝા વૈદ્ય હાલ દિવ્ય ભાસ્કર, ગુજરાત મિત્ર, જન્મભૂમિ, ફુલછાબ અને મુંબઈ સમાચાર જેવા પત્રોમાં કટાર લખી રહ્યા છે. તેમજ સંવેદના અને સાથ નામની એનજીઓ સાથે પણ સંકળાયેલા છે. અને પુસ્તકો ઉપરાંત ચિત્રલેખામાં તેમની ૪ નવલકથાઓ પણ પ્રસિધ્ધ થઈ ચુકી છે. ખાસ કરીને યુવા વર્ગમાં વિશેષ સ્થાન ધરાવતા આ લેખિકાના વકતવ્યને માણવા જૈન સોશ્યલ ગ્રુપ દ્વારા સભ્યોને અને શહેરની સંસ્થાઓને તથા અગ્રણીઓને નિમંત્રણ આપવામાં આવેલ છે.

લિંબચ પરિવાર સેકટર-૨નો ડિસેમ્બરમાં સ્નેહમિલન સમારંભ યોજાશે

ગાંધીનગર, તા.૧૯

શ્રી લિંબચ પરિવાર સેકટર-૨ ગાંધીનગર તરફથી નવા વર્ષની શુભકામનાઓ પાઠવેલ છે. આગામી ડિસેમ્બર માસમાં નવમો સ્નેહમિલન તથા બાળકોને પ્રોત્સાહિત કરવા ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાશે.

૨૦૧૨-૧ ઉમાં ઉર્તીણ થયેલ વિદ્યાર્થીઓને ઈનામ આપવામાં આવશે. તા. ૧૦ ડિસેમ્બર સુધીમાં માર્કશીટ પ્રમુખ, ઉપપ્રમુખ, સહમંત્રીશ્રીને મોકલી આપવા જણાવેલ છે. રમતગમત કલા, રાસ-ગરબામાં વિજેતાઓને ઈનામ અપાશે. વધુ માહિતી માટે ઉપપ્રમુખ રાજેન્દ્રભાઈ પારેખ અને પ્રમુખ અમૃતભાઈ લીંબાચીયાનો સંપર્ક સાધવો.

જિલ્લા રાજપુત સમાજનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૧૯

જિલ્લા રાજપુત સમાજ સેવા ટ્રસ્ટ અને શ્રી રાજપુત સમાજનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો હતો. રાજપુત ભવનમાં સમાજના આગેવાનો શ્રી સી.જે. ચાવડા, ધારાસભ્ય મહેન્દ્રસિંહજી વાઘેલા, નાગરિક બેંક નરેન્દ્રસિંહ વાઘેલા, તંત્રી ગાંધીનગર રાજપુત મેગેઝીનના નટવરસિંહ વાઘેલા, દંડીબાપુ વિજય આશ્રમ ધમાસણાવાળા પ.પૂ. બંદેહીશરણજી હાજર રહ્યા હતા. વિકમસિંહ ગોલ તથા બિહોલા પૃથ્વીસિંહજીએ જણાવેલ હતું.

સૌરભ સામાજીક વિકાસ સંસ્થા લગ્નોત્સુક યુવક-યુવતીઓ માટે સર્વજ્ઞાતિ જીવન સાથી પત્રિકા બહાર પાડશે

ગાંધીનગર, તા. ૧૯

સૌરભ સામાજીક વિકાસ સંસ્થા દ્વારા સર્વ જ્ઞાતિ જીવન સાથી પસંદગી પત્રિકા બહાર પાડવાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં અપરણિત યુવક-યુવતીઓનું મફત રજીસ્ટ્રેશન કરવામાં આવશે. આ પત્રિકામાં નામ નોંધાવવા લગ્નોત્સુક યુવક યુવતિઓએ સંસ્થા ખાતેથી ફોર્મ મેળવી તમામ વિગતો ભરી સમયસર પરત કરવા સંસ્થાના એમ.કે. ચૌહાણે જણાવ્યું છે.

આ પ્રકારના ગંભીર કિસ્સાઓ સામે જે રીતે આંખ આડા કાન કરવામાં આવે છે એને કારણે સમગ્ર ઘટનાની જે અસર સમાજ ઉપર પડવી જોઈએ એ ખોટી પડે છે

કેમ્પસ
- ધ્વનિલ પારેખ

શિક્ષક, વિદ્યાર્થી, ધોલધપાટ અને...

શૈક્ષણિક રીતે નવાં સત્રનો પ્રારંભ થયો અને જે ઘટનાઓ સામે આવી છે એ ક્ષુબ્ધ કરનારી છે. સુપ્રીમ કોર્ટથી માંડીને અન્ય કેટલીયે કાયદાની સંસ્થાઓએ વારંવાર એક વાત ઉપર સતત ભાર મૂક્યો છે કે શાળા કે કોલેજમાં વિદ્યાર્થીઓ સાથે કોઈપણ પ્રકારની ધોલધપાટ કરવીએ અયોગ્ય છે છતાં એવા કિસ્સા સામે આવતા જાય છે કે, શિક્ષકનું હિંસા ભર્યું વલણ બહાર આવ્યા વિના રહેતું નથી. વાત આ સપ્તાહે સેન્ટ ઝેવિયર્સ લોયલા સ્કુલ, અમદાવાદની છે. વોલીબોલના ખેલાડી સાથે કોચે જે વર્તન કર્યું એને કારણે એ વિદ્યાર્થી હોસ્પિટલમાં દાખલ કરવો પડ્યો હતો.

અત્યાર સુધી તો આપણે એવી દલીલ કરતા આવ્યા હતા કે નાના વિદ્યાર્થીઓ તોફાન કરે કે એમને વાત સમજાવવામાં આવે કે વર્ગખંડમાં કશું શીખવવામાં આવે ત્યારે એમનું ધ્યાન ન હોય કે પછી એની સમજ ન હોય ત્યારે શિક્ષકો ગુસ્સામાં ધોલધપાટ કરી બેસતા હોય છે. સર્વ એવું માનવામાં આવે કે આવા કિસ્સામાં જે ધોલધપાટ કરવામાં આવે છે, એ માન્ય છે. ધોલધપાટ કોઈપણ કિસ્સામાં અમાન્ય જ છે પણ આ પ્રકારની દલીલો આપણે સાંભળતા આવ્યા છીએ. પરંતુ ઉપરોક્ત કિસ્સામાં તો આ પ્રકારની દલીલો પણ કારગત નીવડી શકે એમ નથી. ભોગ બનનાર વિદ્યાર્થી ઉચ્ચતર માધ્યમિકમાં અભ્યાસ કરે છે અને વોલીબોલનો સારો ખેલાડી છે. વોલીબોલની પ્રેકટીસ દરમ્યાન કશુંક એવું બન્યું કે કોચ ઉશ્કેરાયા અને વિદ્યાર્થીને એવી બેરહમીથી ફટકાર્યો કે બિચારા વિદ્યાર્થીને હોસ્પિટલમાં દાખલ કરવો પડ્યો. આશ્ચર્યની વાત એ છે કે અખબારમાં આવેલા અહેવાલ પ્રમાણે કોચ વિદ્યાર્થીની ધુલાઈ કરી રહ્યા હતા ત્યારે શાળાના આચાર્ય એ સમય ત્યાં મોજૂદ હતા અને સમગ્ર ઘટનાક્રમ એમની આંખ સામે થયો હતો. જો આ વાતમાં તથ્ય હોય તો કોને કહેવું? આચાર્ય પછી એવો જવાબ આપે કે આ બાબતે તપાસ કરવામાં આવશે અને જિલ્લા શિક્ષણાધિકારી પણ નોટિસ મોકલવામાં આવશે ત્યારે આ આખી ઘટના સંદર્ભે ઢાંકપિછોડો કરવામાં આવી રહ્યો છે, એવું દેખાય છે. શાળાના આચાર્યની સામે જ ઘટના બની હોય પછી તપાસ શું કરવાની!

આ ઘટનામાં વાત તો એવી પણ સામે આવી છે કે, ભોગ બનનાર વિદ્યાર્થી વોલીબોલનો સારો ખેલાડી હતો અને કોચ સાથે કંઈક અણબનાવ થતા આખી વાત બની. જો આ વાતમાં પણ તથ્ય હોય તો ગુરુ-શિષ્યના સંબંધ સામે પણ પ્રશ્નાર્થ ઊભો થાય. એ વાતની ના નહીં કે કોઈ કારણસર અણબનાવ બન્યો પણ હોય પરંતુ એ કદાચ વિદ્યાર્થી અને કોચની અંગત બાબત હશે, એમાં રમત અને ખેલાડીને ભોગ શા માટે બનાવવો? વોલીબોલના કોચમાં એટલી પણ સમજ નહીં હોય કે અણબનાવને કારણે જે તે ખેલાડીના જીવન સાથે રમત શું કામ રમવી? વિદ્યાર્થીના શરીરે લાલચકામા પડી જાય અને એને હોસ્પિટલમાં દાખલ કરવાની નોબત આવે ત્યાં સુધી એને ઝૂડયે રાખવો, એમાં શિક્ષકનું શિક્ષકપણું ક્યાં સામે આવે છે? આ રીતે નિર્દયતાથી વર્તનાર કોચ સામે તો કડક પગલાં લેવાવાં જ જોઈએ.

આ પ્રકારના ગંભીર કિસ્સાઓ સામે જે રીતે આંખ આડા કાન કરવામાં આવે છે એને કારણે સમગ્ર ઘટનાની જે અસર સમાજ ઉપર પડતી જોઈએ એ ખોટી પડે છે. એને કારણે અન્ય શાળાઓમાં આ પ્રકારના કિસ્સા બનવા અટકવા જોઈએ એ અટકતા નથી કેટલીક પરિસ્થિતિમાં કે સંજોગોમાં તો આવા કિસ્સા બહાર આવતા પણ નહીં હોય! શાળા જે તે વિદ્યાર્થીના-વાલીઓ સાથે અંદરોઅંદર જ એવી રમત રમી નાખતા હોય છે કે આવા ધોલધપાટના કિસ્સા બહાર નહીં આવતા હોય. બાકી સુપ્રીમ કોર્ટ કહે કે, કાયદો કશું પણ કહે શિક્ષકો એ સ્વીકારી લીધું છે કે, વિદ્યાર્થી સાથે મારપીટ એ એમનો શિક્ષક સિદ્ધ અધિકાર છે અને અધિકારનો તેઓ ઉપયોગ કરીને જ જંપશે!